

સાહિત્ય

નિરુપમછાયા

# કચ્છી ભાષા-સાહિત્યનો એક વધુ વેબિનાર

કેન્દ્રીય સાહિત્યઅકાદમી દ્વારા 'ગુજરાતનું કચ્છી સાહિત્ય' એ વિષય પર યોજાયેલા વેબિનારનાં પ્રથમ ઉદ્‌ઘાટન સત્રમાં કેન્દ્રીય અકાદમીના ગુજરાતી વિભાગનાં સલાહકાર મંડળના સભ્ય ડો. દર્શના ધોળકિયાએ રણ અને જળવિસ્તાર વચ્ચેનો કઠિનતાને કારણે અલગ પડેલો કચ્છ પ્રદેશ ઉજાગર થયો તેનો આનંદ વ્યક્ત કરી, અદકેરી માતૃભાષાનું સ્થાન ધરાવતી કચ્છી ભાષાના સર્જનમાં સંતો, કારાણી, વ્રજભાષા પાઠશાળા અને અનેક સર્જક કલમોએ કચ્છીને આપેલા નવાં સ્વરૂપની ચર્ચા કરી, સ્વબળે ટટ્ટાર ઊભેલી અહીંની ભાષાથી આકર્ષાઈ અકાદમીના આ પરિસંવાદના આયોજનને મહત્ત્વનું ગણાવી ભૂમિકા બાંધી હતી.

ડો. કાન્તિ ગોરે બીજ વક્તવ્યમાં સર્જકો અને વિવિધ સ્વરૂપોમાં કચ્છી સાહિત્યના વિકાસની રૂપરેખા આપતાં લાલજી નાનજી જોષીનાં સંસ્કૃત વાગ્દેવી સ્તોત્ર, નવમી સદીમાં થયેલા ચારણ માવલ સાબાણી, 'અજ અજૂણી ગુજરઈ, સુબુ થીંધો બ્યો' જેવી પંક્તિઓમાં જીવનની ક્ષણભંગુરતા ઉપરાંત અન્ય પદોમાં તત્ત્વજ્ઞાનથી જનસમાજને માર્ગદર્શન આપનાર સંત મેકણથી પ્રારંભ કરી, મામૈદેવ, કલ્યાણીદેવી, કચ્છના મીરાંબાઈ રતનબાઈ, લોકજાગૃતિ માટે ચાબખા મારતા કચ્છના 'અખા' કવિ રાઘવને યાદ કરી, મોરારજી મથુરાદાસનાં પુસ્તક 'તંબુરાનો તાર'માં ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ વિદ્વાન આચાર્ય આનંદશંકર ધ્રુવની પ્રસ્તાવનામાં બોલી નહીં, પણ કચ્છી ભાષા શબ્દ વાપર્યો છે એવો મહત્ત્વનો ઉલ્લેખ કર્યો હતો. દુલેરાય કારાણીના સમયને કચ્છી સાહિત્યનો સુવર્ણકાળ ગણાવી તે સમયનાં સર્જનનો વિસ્તૃત આલેખ આપી, સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં થયેલાં સર્જનોની પણ વિગતે વાત કરી હતી.

ડો. વિનોદ જોશીએ અધ્યક્ષીય વક્તવ્યમાં કચ્છી ભાષાનાં સાહિત્યમાં પણ મનુષ્યજાતિ માટે મહત્ત્વની એવી સંસ્કૃતિના ભળેલા ઉદ્‌ગારનો સાહિત્ય દ્વારા મળતો પરિચય, આ મોટા જિલ્લાની ભાષા દેશની માન્ય ભાષામાં સમાવિષ્ટ ન હોવી, સાહિત્યનાં કેટલાંક સ્વરૂપો મુખર રીતે કચ્છીમાં ખેડાયેલાં નથી વગેરે મુદ્દા મૂકી, સાહિત્ય વિશેની દેશના સાહિત્યિક મંચ પરની ચર્ચાને એક અજ્ઞાત, ઉપેક્ષિત પડછાયાને અજવાળાંમાં બદલવાનો મહત્ત્વનો પ્રયાસ દર્શાવ્યો હતો.

દ્વિતીય સત્રના પ્રારંભે કવિ શ્રી રવિ પેથાણી 'તિમિરે' 'કચ્છી ભાષાની લાક્ષણિક્તાઓ' વિષયે ચર્ચા કરતા સપ્તસિંધુમાંના પ્રદેશોની ભાષાના ઉદ્‌ગમની હરોળમાં જ આ ભાષાનાં મૂળિયાં, મિસર, અફઘાનિસ્તાન, ઈરાન સિંધ




**કચ્છનાં બાળકો વરસાદ આવે ત્યારે આનંદમાં ગાય, 'મીં આયો, માંઢો આયો, ધરતી તોજો લાડો આયો.'**

થઈ કચ્છ આવેલા જાડેજા વંશના પૂર્વજો એવા સમા વંશના કચ્છ આવેલા લોકોથી તે વિસ્તારની ભાષાઓનું કચ્છી ભાષામાં જોવા મળતું સંમિશ્રણ સ્પષ્ટ કરી, ભાષાની લાક્ષણિક્તાઓ તર્કબદ્ધ રીતે મૂકી હતી. 'ઈ' અને 'એ', 'ઊ' અને 'ઓ' વચ્ચેના જેવા વિશિષ્ટ ઉચ્ચારો, સંસ્કૃતમાં ખોડા વપરાતા વર્ણમાળાના ક અને ચ વર્ગના કચ્છીમાં પૂર્ણ અને આખા વપરાતા અંતિમ વર્ણ 'અંગ' અને 'ઝાં'ની વાત કરી, કચ્છીમાં અંધરા પડતા 'દ'ને સ્થાને 'ડ', ('દહીં' નહિ, 'ડઈ'), સંઘર્ષની પ્રજાની પ્રકૃતિથી મહાપ્રાણ ઉચ્ચારમાં 'દ'ની જગ્યાએ 'ધ' (દરવાજાને 'ધરવાજો'), 'બ'નો 'ભ' (બંધને 'ભંધ' બોલાય.) સ્પષ્ટ કર્યા. એ જ રીતે 'ળ' ને સ્થાને ર કે લ, શ, સ ષના ભેદ નથી, જોડાક્ષરો નથી. જ્ઞાનને સ્થાને 'ગનાન' 'ક્ષ' નો 'ખ', સાંકડા નહીં, પહોળા ઉચ્ચારનું મહત્ત્વ, નપુંસક લિંગ નહીં, જ્ઞાતિ, વિસ્તાર પ્રમાણે બોલાતી કચ્છી, અંગ્રેજી શબ્દોના વિશિષ્ટ ઉચ્ચાર, લાઘવ અને એકાક્ષરી શબ્દોની પણ વાત કરી. આ શાસ્ત્રીય વિષયને પ્રચુર ઉદાહરણો સાથે સરળ અને રસપ્રદ બનાવ્યો હતો.

જાણીતા સર્જક, સંશોધક ડો. વિસન નાગડાએ બાળગીતોને ભાષાની ભૂમિમાંથી ડાળખીઓ, ફૂલ કે ફળ વિનાની ફૂટી નીકળેલી લૂખ સાથે સરખાવ્યાં હતાં. 'ગવાય તે ગીત પણ રમતાં રમતાં, અભિનય કરતાં કરતાં ગવાય એ બાળગીત.' સ્વર, લહેકા, લય અને હિલ્લોળ સાથે બાળગીતોના વિવિધ પ્રકારો, હાલરડાં, ચોલાણાં, આખાણી, પિરોલી વગેરે તાદૃશ્ય કરી, ભાવકોને એ મનોહર સૃષ્ટિમાં રમમાણ કર્યા હતા. કચ્છની ભૂમિનાં બાળકો વરસાદ આવે એના આનંદમાં ગાય, 'મીં આયો, માંઢો આયો, ધરતી તોજો લાડો આયો.' તેમણે લોકસાહિત્ય સાથે સર્જનાત્મક બાળગીતો અને એના સર્જકોની પણ વાત કરી હતી.

જાણીતા કટારલેખક સંજય ઠાકરે કચ્છી સામયિકોમાં અનુવાદ પ્રવૃત્તિમાં, અભ્યાસ લેખ, ટૂંકી વાર્તા, પ્રવાસ વર્ણન કાવ્ય સાહિત્ય વગેરેની ચર્ચામાં તેની ખૂબીઓ અને મર્યાદાઓ પણ છે એમ કહ્યું હતું. 'કુંજલજી કુણકાર' અને 'ચિંગાર' સામયિકોમાં પ્રસિદ્ધ અનુવાદોમાં અપભ્રંશ અંગ્રેજી શબ્દો અને ઉર્દૂ શબ્દોના પ્રયોગ, વિવિધ જ્ઞાતિની કચ્છી બોલીના ભાતીગળ શબ્દોનો પ્રભાવ, પ્રદેશની ખુશ્બુ, શબ્દેશબ્દના જડ અનુવાદ કરવાના પ્રયત્નથી દૂર વગેરે મુદ્દા તારવી 'વાઘોડ' સામયિકમાં નિસ્બતપૂર્વકના ને હમણાં જ શરૂ થયેલ 'સંભાર'માં તુલસીકૃત રામાયણની ચોપાઈઓના અનુવાદની પણ નોંધ લીધી હતી.

કાર્યક્રમ અધિકારી શ્રી ઓમ નાગરનાં સૂત્ર સંયોજન અને આભારદર્શન સાથે વિરામ પામ્યો પણ કચ્છી ભાષા વિષે આવા ઉપક્રમ અવિરત રહે એવી અપેક્ષા સાથે એક તૃષા પણ જગાવી ગયો. ■ njcanjar201@gmail.com